# શહેરના ટોપર્સ કહે છે.

**નિલ ચૌધરીઃ (એ-૧ ગ્રેડ - શાળામાં પ્રથમ)**
**સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કૂલ**
**ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં કેરિયર બનાવવી છે**

'મારા પિતા હોસ્ટેલમાં નોકરી કરે છે અને મારી માતા ગૃહિણી છે. મારા મોટી બહેન અને મોટો ભાઈ પણ અનુક્રમે પીડીપીયુ અને ડીએઆઈઆઈસીટીમાં આ ક્ષેત્રમાં આગળ અભ્યાસ કરી રહ્યાં છે. મારે ઈન્ફર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં આગળ વધવું છે કેમકે કોમ્પ્યુટર એન્જીનિયરીંગના ક્ષેત્રમાં વિશાળ તકો રહેલી છે.'

**સિયા પટેલ :**
**સ્કૂલ ઓફ એચિવર**
**સાઇકોલોજીમાં ભણીને પીએચડી કરવાની ઇચ્છા**

'મારા માતા ગૃહિણી છે અને પિતા મિકેનીકલ એન્જીનિયર છે અને મને પોતાને હ્યુમાનીટિસ રસનો વિષય છે. અભ્યાસ દરમિયાન સારા માર્કસ મેળવવા માટે હાર્ડ વર્ક નહીં પરંતુ સ્માર્ટ વર્ક કરવાનું જરૂરી છે. મારે સાઈકોલોજીનો અભ્યાસ કરીને તેમાં જ પસંદગીના વિષયમાં પીએચડી કરવું છે. વિદ્યાર્થીઓએ નિયમિત સ્વાધ્યાય પર ભાર મુકીને અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.'

**રચિત દેસાઇઃ (હાલીસા, તા.દહેગામ)**
**સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર**
**હવે મારું લક્ષ્ય કોમર્સ ક્ષેત્રે ભણીને સીએ થવાનું**

'મારા પિતા અમદાવાદમાં પોલીસ વિભાગમાં અધિકારી છે અને મારી મમ્મી ગૃહિણી હોવા સાથે ઘરે પશુપાલનનું કામ પણ કરે છે. મેં શાળામાંથી આપવામાં આવતાં ઓનલાઈન અભ્યાસમાં પુરું ધ્યાન આપ્યું હતું અને મારી મહેનત અને લગનના કારણે મને આજે સફળતા પ્રાપ્ત થઈ છે. હવે મારું લક્ષ્ય કોમર્સ ક્ષેત્રે આગળ ભણીને ચાર્ટર્ડ એકાઉટન્ટ બનવાનું છે.'

**ક્રિષરાજ બારિયાઃ (દાહોદ પંથકનો મૂળ વતની)**
**આર. સી. પટેલ સ્કૂલ**
**માતા-પિતાને આદર્શ માનું છું, ડોક્ટર બનીશ**

'હું નાનો હતો ત્યારથી ધોરણ-૧ માંથી જ મેં ૯૦ ટકા માર્કસ મેળવવાની પરંપરા જાળવી રાખી છે. મારી મોટી બે બહેનોએ પણ વિજ્ઞાન પ્રવાહમાં આગળનો અભ્યાસ શરૂ કર્યો છે, મારા પિતા કમિશનર ઓફ સ્કૂલ્સ કચેરી ખાતે સિનીયર ક્લાર્ક તરીકે ફરજ બજાવે છે, અમે મારા અભ્યાસ માટે ગાંધીનગર શીફ્ટ થયાં છીએ. હું મારા માતા-પિતાને આદર્શ માનું છું અને મને ભણીગણીને ડોક્ટર બનવાની ખેવના છે.'

**માર્ગી ચૌધરીઃ (એ-૧ ગ્રેડ)**
**એમ. બી. પટેલ ઇંગ્લીશ મિડીયમ સ્કૂલ**
**પિતા એક્સ આર્મી મેનની દિકરીને ડોક્ટર બનવાના કોડ**

'મને મેડિકલમાં ભણીને ડોક્ટર બનવાની ઈચ્છા છે એટલાં માટે હું સફળતા મેળવવા પ્રથમ દિવસથી જ મહેનત કરવામાં માનું છું. મારા આદર્શ આપણાં પૂર્વ રાષ્ટ્રપતિ અને વિજ્ઞાની ડૉ. અબ્દુલ કલામ છે. અમે જોડિયા ભાઈ-બહેન છીએ, ભાઈ કરતાં પણ મને વધુ માર્કસ મેળ્યાં છે. મારો મોટો ભાઈ એમએસસીમાં અભ્યાસ કરી રહ્યો છે. મારા પિતા બાબુભાઈ એક્સ આર્મીમેન છે અને હાલ જિલ્લા પંચાયતમાં ફરજ બજાવે છે.'

**રૂદ્ર પટેલઃ (એ-૧ ગ્રેડ - શાળામાં પ્રથમ)**
**શેઠ સી. એમ. હાઇસ્કુલ**
**મારે તો આઇએએસ અધિકારી બનવું છે.**

'મારા પિતા વેપારી છે, તેઓ ઈલેકટ્રીકની દુકાન ચલાવે છે, મારી માતા ગૃહિણી છે. હું મારા માતા-પિતાનુ એક માત્ર સંતાન છુ. મેં ૯૦.૫૪ ટકા પરિણામ સાથે શાળાના ધોરણ ૧૦માંના ૪૧૨ પૈકી પ્રથમ સ્થાન મેળવ્યું છે. મારો અનુભવ છે કે સારા પરિણામ માટે ટ્યુશન જરૂરી છે, જોકે મારી શાળાના શિક્ષકોએ પણ ખુબ મહેનત કરી છે. મારે ભણીને આઈએએસ અધિકારી જેવો મોટો માણસ બનીને માતા-પિતાનું નામ રોશન કરવું છે.'

**રોનિત શાહઃ**
**માઉન્ટ કાર્મેલ સ્કૂલ**
**'રોજના આઠ કલાક મહેનત કરી સફળતા મેળવી'**

'મેં મારો ગોલ જેઈઈની પરીક્ષા આપીને ટોપ રેન્કર બનવાનો અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં અભ્યાસ કરવાનો છે. મારા પિતા સરકારી હોસ્પિટલમાં લેબ ટેકનિશ્યન છે અને માતા ગૃહિણી છે. કોરોનાના કપરાં સમય પછી ટ્યુશનમાં જવાનું ઓફલાઈન શિક્ષણના કારણે ફરજીયાત બની ગયું હતું જેથી સમય ખૂબ જતો. જોકે તેમ છતાં મેં સરેરાશ ૮ કલાક દરરોજ અભ્યાસ કરીને આ સફળતા મેળવી છે.'

# શહેરના તેજસ્વી વિદ્યાર્થીઓ

| વિદ્યાર્થીનુ નામ | શાળાનુ નામ | ગુણ ૬૦૦માંથી | વિદ્યાર્થીનુ નામ | શાળાનુ નામ | ગુણ ૬૦૦માંથી |
|---|---|---|---|---|---|
| દિવ્યાંગ બાબુભાઈ વણઝારા | સહજાનંદ સ્કુલ ઓફ એચિવર | ૫૮૨ | વૈદિક પટેલ | ,, | ૫૫૪ |
| વ્રજ પટેલ | કુડાસણ સ્કુલ ઓફ એચિવર | ૫૭૭ | પૃથ્વીરાજ ખોડુભાઈ ડોડીયા | આર સી પટેલ સ્કુલ | ૫૫૪ |
| યશ્વી એચ મોદી | માઉન્ટ કાર્મેલ સે-૨૧ | ૫૭૯ | દેવાંગી બિપીનભાઈ પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૫૫૪ |
| રચિત ભાઈલાલભાઈ દેસાઈ | સહજાનંદ સ્કુલ ઓફ એચિવર | ૫૭૫ | જૈનમ વિનોદકુમાર દુગ્ગડ | ,, | ૫૫૩ |
| કાવ્ય પ્રતિશકુમાર શાહ | ,, | ૫૭૪ | રીવા નિરલભાઈ પટવા | એમ બી પટેલ હાઈસ્કુલ | ૫૫૩ |
| ધ્યાન મનોજભાઈ પટેલ | | ૫૭૩ | નૈયા બી પટેલ | આર જી કન્યા શાળા | ૫૫૨ |
| સીયા પટેલ | કુડાસણ સ્કુલ ઓફ એચિવર | ૫૭૦ | કુપા જીતેન્દ્રભાઈ પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ એચિવર | ૫૫૨ |
| ધ્રુવી એ પટેલ | સે-૨૩ આર જી કન્યા શાળા | ૫૬૯ | વૈશ્વી એચ પટેલ | આર જી કન્યા શાળા | ૫૫૧ |
| ઝુલ્ફાબાની પઠાણ | આર જી કન્યા શાળા | ૫૬૮ | વિશ્વમ મોદી | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૫૫૦ |
| ઋુષિન સી મોદી | સ્વામિનારાયણ ગુરુકુલ | ૫૬૮ | અંશકુમાર પટેલ | ,, | ૫૪૯ |
| આર્ષ સંજયકુમાર પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ એચિવર | ૫૬૮ | શ્યામ બી બેંકર | સેન્ટ ઝેવિયર્સ સ્કુલ | ૫૪૯ |
| ક્રીષરાજ વિનોદભાઈ બારીયા | આર સી પટેલ સ્કુલ | ૫૬૮ | પ્રિયાંશી ફુલતારીયા | આર જી કન્યા શાળા | ૫૪૭ |
| માર્ગી બાબુભાઈ ચૌધરી | એમ બી પટેલ સ્કુલ | ૫૬૮ | પર્વ પટેલ | કુડાસણ સ્કુલ ઓફ એચિવર | ૫૪૭ |
| શ્યામ પટેલ | કુડાસણ સ્કુલ ઓફ એચિવર | ૫૬૬ | નિહાલ હરેશકુમાર ટેકવાની | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૫૪૭ |
| તરંગ પટેલ | ,, | ૫૬૫ | જયનિલ અનિલભાઈ પટેલ | ,, | ૫૪૬ |
| નૈયા એસ પટેલ | આર જી કન્યા શાળા | ૫૬૪ | આસ્થા રશ્મિકાન્ત ત્રિવેદી | ,, | ૫૪૬ |
| વેદ ચાંગાણી | કુડાસણ સ્કુલ ઓફ એચિવર | ૫૬૪ | ઈશિકા પટેલ | કુડાસણ સ્કુલ ઓફ એચિવર | ૫૪૬ |
| હાર્દીબા ચાવડા | ,, | ૫૬૪ | જિયા ભુપેન્દ્રભાઈ પટેલ | એમ બી પટેલ સ્કુલ | ૫૪૬ |
| વેદાંતી ગોસાઈ | ,, | ૫૬૩ | આકાંક્ષા મનીષભાઈ પટેલ | ઈન્ફોસીટી સ્કુલ ઈં,મી ઘ-૦ | ૫૪૬ |
| પ્રાપ્તી પટેલ | ,, | ૫૬૩ | ધારા એચ ગાંધી | આર જી કન્યા શાળા | ૫૪૫ |
| સાર્થક રાજેશ પ્રજાપતિ | એમ બી પટેલ સ્કુલ | ૫૬૩ | અવન રાજેશભાઈ બારીયા | આર સી પટેલ સ્કુલ | ૫૪૫ |
| હેતવી વિજયભાઈ મેકવાન | એમ બી પટેલ સ્કુલ | ૫૬૨ | યશ ચેતનકુમાર પટેલ | ,, | ૫૪૪ |
| નવ્યા વાઢેર | ,, | ૫૬૨ | કુશીલ સંજય પ્રજાપતિ | સે-૨૩ શેઠ સી એમ હાઈસ્કુલ | ૫૪૪ |
| તિર્થ પઠાર | ,, | ૫૬૨ | રૂદ્ર સંજયભાઈ પટેલ | સે-૨૩ શેઠ સી એમ હાઈસ્કુલ | ૫૪૪ |
| સમર્થ એ દેસાઈ | સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલ | ૫૬૧ | કશ્મા જયેશભાઈ શાહ | એમ બી પટેલ સ્કુલ ઈંગ્લીશ મી | ૫૪૪ |
| આયુષ શાહ | કુડાસણ સ્કુલ ઓફ એચિવર | ૫૬૧ | ખુશી પટેલ | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૫૪૩ |
| જાનવી પટેલ | ,, | ૫૬૦ | ક્રીષા એસ સિંઘવ | માઉન્ટ કાર્મેલ સ્કુલ | ૫૪૩ |
| પુષ્ટિ કોટડિયા | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૫૫૯ | પ્રશાંત પી ચૌધરી | સે-૨૩ શેઠ સી એમ હાઈસ્કુલ | ૫૪૨ |
| હર્શિકા પટેલ | ,, | ૫૫૯ | નીલ કુબેરભાઈ ચૌધરી | સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ | ૫૭૬ |
| પ્રિન્સી પટેલ | ,, | ૫૫૯ | મિહીર સમીરભાઈ ચૌધરી | ’’ | ૫૭૪ |
| યશવી પટેલ | ,, | ૫૫૯ | કુશ ધિરેન્દ્રકુમાર પટેલ | ’’ | ૫૭૧ |
| સુરુધિકા વેલમુરુગન | એમ બી પટેલ હાઈસ્કુલ | ૫૫૯ | સાવન કમલેશભાઈ મોઢા | ’’ | ૫૬૭ |
| પ્રાચી બી પટેલ | આર જી કન્યા શાળા | ૫૫૯ | વિશ્વા ગૌતમભાઈ મોદી | ’’ | ૫૬૪ |
| પ્રથમ ભુપેન્દ્રકુમાર પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ એચિવર | ૫૫૯ | મૌત્રિ કલ્પેશકુમાર વૈષ્ણવ | ’’ | ૫૬૩ |
| હર્નિશા પરમાર | આર સી પટેલ સ્કુલ સે-૨૩ | ૫૫૮ | રાજવી અશોકકુમાર પટેલ | ’’ | ૫૬૧ |
| તાનિશી થાનકી | કુડાસણ સ્કુલ ઓફ એચિવર | ૫૫૮ | સુહાન તરૂણકુમાર પરમાર | ’’ | ૫૫૯ |
| માનવ પટેલ | ,, | ૫૫૮ | જ્નાહવી પ્રદિપ ચિકોરડી | ’’ | ૫૫૩ |
| આર્ચી પટેલ | આર જી કન્યા શાળા | ૫૫૭ | આન્ગી મીત્તલ શાહ | ’’ | ૫૫૩ |
| પ્રિયા સી પ્રજાપતિ | આર જી કન્યા શાળા | ૫૫૭ | ભવ્યા વિપુલકુમાર પરમાર | ’’ | ૫૪૯ |
| દ્રષ્ટિ પરીખ | આર જી કન્યા શાળા | ૫૫૬ | દેવહુતી નિલેશ વ્યાસ | ’’ | ૫૪૯ |
| હીતેશ નિનામા | કુડસણ સ્કુલ ઓફ અચિવર | ૫૫૪ | જયતી સોહિલ શાહ | ’’ | ૫૪૭ |
| કેયા પટેલ | ,, | ૫૫૪ | આદિત્ય જગદીશભાઈ પટેલ | ’’ | ૫૪૬ |

# રિક્ષાચાલકનો દિકરો મહાત્મા ગાંધી વિદ્યાલયનો ટોપર બન્યો

**રોજ સવારે ૩ થી ૫ નું નિયમિત વાંચન અને શિક્ષકોનું માર્ગદર્શન પ્રેરણાદાયી બન્યુ**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના રિક્ષાચાલકનો દિકરો શાળામાં પ્રથમ ક્રમે આવ્યો અને એ-૨ ગ્રેડ મેળવી પરિવારને ગૌરવ અપાવ્યુ છે.

ગાંધીનગર સે. ૧૬માં આવેલ મહાત્મા ગાંધી વિદ્યાલયનું પરિણામ નબળુ જરૂર આવ્યુ છે પણ આ શાળામાં ભણતો અને સે. ૧૩ની ઝુંપડપટ્ટીમાં રહેતા પરિવારનો દિકરો શાળામાં પ્રથમ આવ્યો છે. તેણે ૩૭૩ ગુણાંક પ્રાપ્ત કર્યા છે. રાવળ અશ્વિનભાઈ બાબુભાઈ નામના આ વિદ્યાર્થીએ જણાવ્યુ હતુ કે મા-બાપ અભણ છે પણ મને ભણવા માટે પ્રોત્સાહિત કરતા રહ્યા છે. પપ્પા રિક્ષા ચલાવી પરિવારમાં મને અને મારા ભાઈને ભણાવે છે. મારો ભાઈ કોલેજના બીજા સેમેસ્ટરમાં છે. તેણે જણાવ્યુ હતુ કે દિપાવલી પર્વ પછી તેણે ટીવી જોયુ જ નથી. પહેલા મોબાઈલ પર ગેમ રમવાનો શોખ હતો પરંતુ પછી જાણ્યુ અને સાંભળ્યુ કે ભણ્યા વગર નહિ ચાલે... બસ તેજ દિવસથી અર્થાત્ નવમા ધોરણથી મોબાઈલ પર ગેમ રમવાની લતને છોડી દીધી અને માત્ર ને માત્ર ભણવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ.

તેમણે કહ્યુ કે રોજ સવારે ૩ વાગે ઉઠી જવાનું અને ૩ થી ૫ સતત એક જ આસને નિયમિત વાંચન કરતો હતો. તેણે કહ્યુ કે શાળામાં શાળા સમય બાદ અમને જે ખાસ ભણાવવામાં આવતુ હતુ તેમાં પણ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ. આ પછી સાંજે શાળાનું ગૃહકાર્ય કરતી વખતે પાઠ્યપુસ્તકને વાંચી ગૃહકાર્ય નિયમિત કરવાની ટેવે મને આ સફળતા અપાવી છે.

માટે ભણવુ છે એ જ ધ્યેય છે માટે શું થવું એ અંગે વિચાર્યુ નથી. હું કોમર્સ પ્રવાહને પસંદગી કરી આગળ વધવા માંગુ છુ. મને શાળામાંથી હસમુખ સર, ભૂમિ ટીચર, અલ્પા ટીચર સહિતના સૌ શિક્ષકોએ અપાર પ્રેમ અને માર્ગદર્શન આપી મારી થતી ભૂલોને સુધારવામાં મદદ કરી છે તે ભૂલી શકાય તેમ નથી.

# ગાર્ડનીંગનું કામ કરતા પિતાની પુત્રીએ સે. ૧૨માં પ્રથમ સ્થાન મેળવ્યુ

**મામા-ફોઈના ભાઈ-બ્હેને આ વર્ષે શાળામાં પ્રથમ સ્થાન મેળવ્યુ છે : સરિતા પ્રથમ પરીક્ષામાં ગણિતમાં નાપાસ થઈ બસ આ પછી અભ્યાસની ગતિમાં બદલાવ આવ્યો**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની આસપાસના વિસ્તારોમાં નાના-નાના લેન્ડ સ્કેપીંગ તેમજ ગાર્ડનીંગની કામગીરી કરનાર રમેશભાઈ યાદવની દિકરી સરિતાએ સે. ૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યાલયમાં ૭૦ ટકા માર્કસ પ્રાપ્ત કરી અને શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

સરિતાએ આ વર્ષે બેવડી સિદ્ધિ હાંસલ કરી હોઈ શાળાનો પરિવાર ગૌરવાન્વીત છે. સરિતાએ ખેલ મહાકુંભમાં ૧૦૦ મીટર દોડમાં જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યુ અને બોર્ડની પરીક્ષામાં પણ શાળામાં તે પ્રથમ ક્રમે આવી.

સરિતાના અભ્યાસમાં આવેલા બદલાવની વાત પણ જાણવા જેવી છે. પ્રથમ પરીક્ષામાં ગણિત વિષયમાં નાપાસ થઈ. તુરત જ શાળાના શિક્ષકોએ આ બાળા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ તેના વાલીને બોલાવ્યા અને માર્ગદર્શન આપ્યુ. બસ આ પરિણામે જ તેના અભ્યાસની કરવટ બદલી અને આજે જાહેર થયેલા પરિણામમાં ગણિત વિષયમાં ૭૬ ગુણાંક મેળવી તે પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઈ.

સરિતાના મામાનો દિકરો પણ આ વર્ષે ધો. ૧૨માં શાળામાં પ્રથમ આવ્યો. આમ મામા-ફોઈના ભાઈ-બ્હેને શાળામાં પ્રથમ સ્થાન મેળવી સૌ કોઈના દિલ જીતી લીધા છે.

સે. ૧૩માં રહેતી અને નિયમિત વાંચનની ટેવ ધરાવતી સરિતાએ ગાંધીનગર સમાચારને જણાવ્યુ હતુ કે આગળ અભ્યાસ કરી તે આર્મીમાં જોડાવા ઈચ્છુક છે. સરિતાના પિતા રમેશભાઈ યાદવ પણ બી.એ. (અંગ્રેજી-અર્થશાસ્ત્ર) સાથે સ્નાતક થયેલા છે. સરિતાએ જણાવ્યુ હતુ કે તે રોજ સાત કલાક નિયમિત વાંચતી. સવારે ૩ વાગે ઉઠી જવાનુ અને પછી વાંચન કાર્યથી તેની દિનચર્યાનો આરંભ થતો.

મમ્મી અને પપ્પાએ સતત પ્રેરણા અને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ છે. અંગ્રેજીમાં ક્યાંય તકલીફ પડે તો પપ્પા તુરત જ તેને સમજાવતા ક્યારેક ક્યારેક એક કલાક તો ક્યારેક બે કલાક તેને ભણાવતા હતા. સરિતાએ કહ્યુ કે શાળા પરિવાર જાની સાહેબ સહિત તમામ શિક્ષકોએ ખુબ જ આદર્શ વાતાવરણ અભ્યાસ માટે પુરૂ પાડ્યુ છે તેથી આ પરિણામનો શ્રેયના હક્કદાર પણ મમ્મી પપ્પા પછી તેઓ છે. મને એથ્લીટમાં રસ લેતી પણ જાની સાહેબે કરી. સતત માર્ગદર્શન શાળાએ આપ્યુ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# બે દિવ્યાંગ બાળકોના પરિણામને લઈ તેમજ શાળાના પરિણામનો આનંદ જરૂર છે...

ગાંધીનગર, તા. ૬

સે. ૧૨માં આવેલ વિવેકાનંદ શાળાના આચાર્ય જાનીએ આજે એક મુલાકાતમાં જણાવ્યુ હતુ કે શાળાના સારા પરિણામનો આનંદ અને મળેલ સફળતાએ અમારા વિશ્વાસ અને મહેનતને વધુ પ્રોત્સાહિત કર્યા છે. આ શાળામાંથી બે દિવ્યાંગ બાળકોએ પરીક્ષા આપી હતી. પરીક્ષા શરૂ થવાની પૂર્વ સંધ્યાએ આ દિવ્યાંગ બાળકોની લહીયાની અરજીને મંજૂરી મળી હતી આજના પરિણામમાં આ બન્ને દિવ્યાંગ બાળકો ઉત્તીર્ણ થયા છે. તેમણે જણાવ્યુ હતુ કે આ દિવ્યાંગ બાળકોને કોઈ શાળાએ પ્રવેશ આપ્યો ન હતો અમે તેમનો આવકાર્યા હતા. માનસિક દિવ્યાંગ બાળકોની આ સફળતા એ અમારી મહેનતનો વિશ્વાસ વધાર્યો છે. શાળાનું પરિણામ અમે ૪૭ ટકા સુધી લઈ જવામાં પણ સફળતા મેળવી છે. ગરીબદારના શ્રમજીવી પરિવારોના બાળકોને સારૂ શિક્ષણ આપવાની કામગીરીનો આજે અનહદ આનંદ થયો છે.




ઈન્ફોસીટી સ્કુલ ઘ-૦ યુનિટની વિદ્યાર્થીની આંકાક્ષા મનીષભાઈ પટેલને ડોકટર બનવુ છે. કોરોના કાળમાં જે પરિસ્થિતિનુ સર્જન થયુ ત્યારે ડોકટરોની ખડેપગે સેવા જોઈને ખુબ પ્રભાવિત થઈ હતી જયારે આવા કપરા સંજોગોમાં સમાજને સાચા અર્થમાં ઉપયોગી થવા માટે ડોકટર બનીને હું પણ સેવા કરવા માંગુ છુ. તેવી ઉમદા આશય વ્યકત કરતા તેણીએ તેના સારા પરિણામ બદલ શાળાના ડાયરેકટર પ્રદિપ ગગલાણી તેમજ વિષય નિષ્ણાંતો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી. ઈન્ફોસીટી સ્કુલની આકાંક્ષાને ડોકટર બની સમાજની સેવા કરવી છે

ધોરણ ૧૦ નું બોર્ડનું પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે. છોટા ઉદેપુર જિલ્લાનું ૬૧.૨૦ ટકા પરિણામ આવ્યું છે. જેમાં ૧૦૩૫૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૬૩૩૫ વિદ્યાર્થી પાસ થયા છે. રાજ્યમાં છોટા ઉદેપુર જિલ્લાનો ૨૫ મો ક્રમાંક છે. ૨૦૧૯માં પરિણામ ૪૬.૩૮, ૨૦૨૦ માં ૪૭.૯૨, ૨૦૨૧માં માસ પ્રમોશન, ૨૦૨૨ માં ૬૧.૨૦ આવ્યું છે. પરિણામ આવતા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો ખુશખુશાલ દેખાઈ રહ્યા છે. આ સિવાય જામનગર શહેરનું ૬૯.૬૮ ટકા પરિણામ, જૂનાગઢ શહેરનું ૬૬.૨૫ ટકા પરિણામ, ગાંધીનગર શહેરનું ૬૫.૮૩ ટકા પરિણામ અને ભાવનગર શહેરનું ૬૭.૫૮ ટકા પરિણામ આવ્યું છે.

# પિતાની છત્રછાયા વગર બોર્ડમાં મોખરે રહેતો સચિન પટેલ

**વાવોલમાં દેવ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ-૧૦માં પ્રથમ ક્રમે આવનાર સામાન્ય પરિવારનો દિકરો સચિન પટેલ**

ગાંધીનગર, તા. ૬

વાવોલની દેવ ઈન્ટરનેશનલ સ્કૂલનો સચિન પટેલ નામનો વિદ્યાર્થી ધોરણ-૧૦માં ૮૩ રેન્ક અને ૭૩ ટકા સાથે પ્રથમ નંબર મેળવી દેવ ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ વધાર્યુ છે. સચિન ભરતકુમાર પટેલ સામાન્ય પરિવારમાંથી છે. જેના પિતાનું ૧૦ વર્ષ પહેલા હાર્ટએટેકમાં નિધન થયું હતું. ત્યારથી સચિનની માતાએ પેટે પાટા બાંધીને ખૂબ મહેનત કરીને સચિનને આટલું સારૂ શિક્ષણ મળે તેવો પ્રયાસ કર્યો છે. સચિનની માતા સાથે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જાણવા મળ્યું હતું કે સચિનની માતા પોતાના બાળકને સારૂ જીવન અને ઘડતર માટે કેર ટેકરની નોકરી કરે છે. વાવોલમાં ભાડે મકાનમાં રહે છે. સચિનના ભણતર માટે રાત-દિવસ એક કરીને માતા મહેનત કરે છે. સચિન પણ ભણવામાં હોંશિયાર હોવાથી સારા માર્કસ મેળવીને પ્રથમ નંબર મેળવ્યો છે. આર્થિક તંગીના કારણે સ્કૂલની ફી તથા ટ્યૂશન ફી ભરવી ખૂબ કઠીન હોવાથી ધોરણ-૧૦ની



આખા વર્ષની ફી સચિનના પારિવારિક સંબંધી એમ.આર. પટેલ (દેવ સ્કૂલના પ્રમુખ) સચિનની સ્કૂલ ફી માફ કરી હતી. જેના કારણે સ્કૂલ ફી ભરવાનો જે બોજો હતો તે ઉતરી ગયો હતો. જો કે કોરોના મહામારીના દિવસોમાં દરેક વ્યક્તિને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો ત્યારે સચિનની માતાએ પણ નોકરી ધંધા વગર કપરા દિવસોનો સામનો કરવો પડ્યો હતો. દેવ ઈન્ટરનેશનલ સ્કૂલના આચાર્ય ભરતભાઈએ પણ સચિનને ટ્યુશન કલાસ કરાવીને મહેનત કરાવી હતી જેનું પરિણામ મળ્યું છે. જોકે સચિનને આગળ કઈ ફિલ્ડમાં જવું છે તે હજી નક્કી કર્યુ નથી પરંતુ તેને ગણિત વિષયમાં ખૂબ રસ પડે છે. તેથી એન્જિનિયરિંગ લાઈનમાં જવાનું વિચારી રહ્યો છે. પ્રથમ વખત બોર્ડની પરીક્ષા આપી હોવાથી સચિનને ઈચ્છિત પરિણામ મળ્યું નથી. તેને ૮૦ ઉપર ટકાવારી આવશે તેવો અંદાજ હતો પરંતુ પ્રથમ વખત બોર્ડની પરીક્ષા આપવામાં ધારેલા ગુણ મેળવી શક્યો નથી. જો કે સમગ્ર શાળામાં પ્રથમ ક્રમે આવતા માતા અને પુત્ર બન્ને ખૂબ ખુશ થઈ ગયા હતા.



ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ ખુબ જ વધુ છે. રખડતા ઢોરોને પકડવા માટે ગાંધીનગર કોર્પોરેશને વિશેષ ઝુંબેશ હાથ ધરી છે. રકડતા પશુઓને પકડવામાં પશુપાલકો અવરોધ નાંખતા હોવા છતાં કામગીરી થઈ રહી છે. સેક્ટર-૫માં રખડતા ઢોરોને પકડવાની કાર્યવાહી ચલાવાઈ હતી.